## જન્મદિને વધામણી


લીનાબેન મહેતા
સેક્રેટરી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા
મો. ૯૪૨૭૫ ૨૨૭૩૩


પી એમ પરમાર
મો. ૯૪૨૭૩ ૧૪૩૬૬


પૃથિલ આર ગજ્જર
મો. ૮૪૬૯૯ ૫૮૭૧૭


રોહન ડી ગોહેલ
મો. ૬૩૫૧૮ ૦૬૭૮૨


શુભમસિંહ ભરતસિંહ વાઘેલા

# ગુજકેટ માટે ૨૩મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન

### માહિતી પુસ્તિકા અને પીન નંબર રાજયના ૪૨ સેન્ટરો પરથી મળી શકશે

ગાંધીનગર, તા. ૧૪

રાજયમાં આવેલી ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે બોર્ડ દ્વારા ૨૩ એપ્રિલના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવનાર છે. ગુજકેટની પરીક્ષાને લઈ ૨૩ માર્ચથી ઓનલાઈન રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૩ માર્ચના રોજ ગુજકેટની પરીક્ષા માટે માહિતી પુસ્તિકા અને પીન નંબર રાજયના ૪૨ સેન્ટરો પરથી મળી શકશે. જોકે ત્યાર બાદ ૬ એપ્રિલ સુધી વિદ્યાર્થીઓ પુસ્તિકા અને પીન નંબર લઈ શકશે પરંતુ તે માટે રાજયમાં માત્ર ચાર જ સેન્ટર રાખવામાં આવ્યા છે. પીન નંબર દ્વારા વિદ્યાર્થીઓ ૭ એપ્રિલ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજીસ્ટ્રેશન વખતે વિદ્યાર્થીએ મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી ફરજીયાત આપવાનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૩ એપ્રિલના રોજ ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે રાજયના ૪૨ વિતરણ કેન્દ્રો પરથી ૨૩ માર્ચના રોજ માહિતી પુસ્તિકા અને પીન નંબર મેળવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઉમેદવાર દીઠ રૂ. ૩૦૦નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીડી આપી પુસ્તિકા અને પીન નંબર મેળવી શકાશે..

૨૩ માર્ચના રોજ રાજયના ૪૨ વિતરણ કેન્દ્રો પરથી પુસ્તિકા અને પીન મળશે. જયારે ૨૩ માર્ચથી ૬ એપ્રિલ દરમિયાન રાજયના ચાર સેન્ટર પરથી પુસ્તિકા અને પીનનું વિતરણ કરવામાં આવશે. જેમાં બોર્ડની ગાંધીનગર અને વડોદાર સ્થિત કચેરી ઉપરાંત સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલી ટી એન્ડ ટી. વી હાઈસ્કૂલ અને રાજકોટમાં આવેલી એસ.જી. ધોળકીયા હાઈસ્કૂલ ખાતેથી પીન અને પુસ્તિકા મળી રહેશે. સાયન્સની સ્કૂલો પોતાની શાળાના તમામ વિદ્યાર્થીઓની ફીનો સંયુક્ત ડીડી કઢાવીને પણ માહિતી પુસ્તિકા અને પીન નંબર મેળવી શકશે. .

વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેમાં યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી બોર્ડની વેબસાઈટ પરથી ગુજકેટ-૨૦૧૮ માટે રજિસ્ટ્રેશન કરી શકશે. વિદ્યાર્થીઓ પરીક્ષા માટે ૨૩ માર્ચથી ૭ એપ્રિલ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે.

ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઉમેદવારોએ ફોટો અને હસ્તાક્ષર પણ અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં વિદ્યાર્થીએ ઈ-મેઈલ આઈડી અને મોબાઈલ નંબરની વિગતો ફરજિયાત આપવાની રહેશે તેમ પણ ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### વિશ્વકર્મા એન્જિનીયરીંગ કૉલેજ દ્વારા

# જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટનો આરંભ



ગાંધીનગર, તા. ૧૪

જીટીયુ દ્વારા પ્રાયોજિત અને વિશ્વકર્મા સરકારી એન્જીનિયરિંગ કૉલેજ - ચાંદખેડા દ્વારા જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટેકફેસ્ટ હેરિટેજ એન્ડ ટેક્નોલોજી (હેરી-ટેક) થીમ પર આધારિત છે. ૪૦થી વધારે તકનીકી સ્પર્ધાઓ, ૧૫ થી વધુ બિન - તકનીકી સ્પર્ધાઓ, એટીવી-ચેમ્પિયનશિપ ૫.૦ , વર્કશોપ, નોબેલ વિજેતા અને રાજકીય ફિલસૂફ નાં વ્યાખ્યાનો, રોબોટિક્સ, ક્વિઝ વગેરે સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેજીમય નવા-નવા ટેક્નોક્ટ્રેટ્સમાં આકર્ષણનું ક્ષેત્ર હશે. જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટ-૨૦૧૮ માટે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ સખત મહેનત કરી રહ્યા છે.

પાઈ ડે ૧૪મી માર્ચ (૩/૧૪) પર ઉજવવામાં આવે છે. પાઈ (ગ્રીક અક્ષર "p") એ ગણિતમાં સતત ઉપયોગ કરવા માટે પ્રતીક છે - વર્તુળના પરિઘનો વ્યાસ તેના વ્યાસનો - જે લગભગ ૩.૧૪૧૫ છે. પાઈનો દશાંશ ચિહ્ન કરતાં વધુ એક ટ્રિલિયન આંકની ઉપર ગણવામાં આવ્યો છે. એક અતાર્કિક અને ઈન્દ્રિયાતીત નંબર તરીકે, તે અનંત પુનરાવર્તન અથવા પેટર્ન વગર ચાલુ રહેશે. લાક્ષણિક ગણતરીઓ માટે માત્ર થોડા અંકોની જરુર પડે છે, અનંત પ્રકૃતિ ધરાવતા પાઈ ની ગણતરીની રીતે વધુ અને વધુ અંકોની ગણતરી કરવા માટે તેને યાદ કરવા માટે એક મજા પડકાર બનાવે છે. ડો. રાજુલ ગજ્જર, આચાર્યશ્રી, વીજીઈસીના જણાવ્યા મુજબ, ૧૪ માર્ચ પાઈ ડે છે. તે ગાણિતીક સતત પાઈ (p) ઉજવણી અને પાઈ ઘણાં બધાં ખાવા માટે એક દિવસ છે. મહિના / દિવસ (માસ / તારીખ) તારીખ ફોર્મેટનું અનુસરણ કરનારા દેશોમાં ઉજવવામાં આવે છે, કારણ કે તારીખ ૧૪ માર્ચે અથવા ૩/૧૪ માંના અંકો,˘ (૩.૧૪) ના પ્રથમ ત્રણ અંકો છે, ૧૯૮૮ માં પાઈ ડેની સ્થાપના ભૌતિકશાસ્ત્રી લેરી શો દ્વારા કરવામાં આવી હતી.''

જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટ ૧૮ માટે લોગોના ડિઝાઈનર અને ૬ મી સત્રના કમ્પ્યુટર વિદ્યાર્થી નિકુંજ માનિયાએ જણાવ્યું હતું કે 'હું ટેક્નોલોજી સાથેનો ઈતિહાસ કનેક્ટ કરવા માંગુ છું. પુર્વિત મહેતા નામના વિદ્યાર્થી સમજાવે છે કે નોંધણી અને પ્રમોશન માટે ટેકનોલોજી ઉપયોગ કરીને માનવ પ્રયત્નો ઘટાડે છે જે કાગળને બચાવે છે અને સ્વચ્છ પર્યાવરણમાં વધારો કરે છે. તે સહભાગીની સંખ્યા અને ભાગ લેનારની વિગતોને માઉસનાં એક ક્લિકમાં ઉપ્લબધ બનાવશે. વિદ્યાર્થીઓ તેમના સ્થાને ફી ચૂકવે છે અને પરિવહનની જરૂરીયાતનો ઘટાડો કરે છે અને વિદ્યાર્થીને શેડ્યૂલ સહિત તમામ વિગતો દૂરસ્થ એક્સેસ પર ઉપલબ્ધ કરાવી શકાય છે.

# સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી, સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી. ડી.કૉમર્સ કૉલેજમા તા. ૧૦-૩-૨૦૧૮ ના શનિવારના રોજ શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડીના મંત્રી શેઠશ્રી નલિનભાઈ શાહના અધ્યક્ષ સ્થાને સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીમાં 'વાર્ષિકોત્સવ તથા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ' યોજાઈ ગયો.

કૉલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાર્થનાના મધુર ગાનથી કાર્યક્રમનો શુભારંભ થયો. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. જી. ડી. ત્રિપાઠીએ સમારંભમાં ઉપસ્થિત સર્વ મહેમાનશ્રીઓનું સંસ્થા પરિવાર વતી શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ સમારંભના મુખ્ય મહેમાન પદે જાણીતા એડવોકેટ અને બિલ્ડર શ્રી મનુભાઈ એ. પટેલ તથા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જશુભાઈ કંદોઈ (મનીષા મીઠાઈ ઘર)એ શોભાવ્યું હતું. કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક પ્રો. જગદીશભાઈ પરીખે (શ્રીનાથ જવેલર્સ) કૉલેજના સન્માનિત અને વિદાય લેતા લેતા સર્વે




વિદ્યાર્થી - ભાઈ બહેનોને આર્શીવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલના વરદ્ હસ્તે પુરસ્કૃત થયેલ કડીના સામાજિક કાર્યકર શ્રી બંસીભાઈ ખમાર તથા સર્જકશ્રી રમેશભાઈ ત્રિવેદીને સન્માનપત્ર આપીનો શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કૉલેજના અધ્યાપકશ્રીઓ પ્રો. રમેશ પ્રજાપતિ, પ્રો. રવિ રંગવાણી તથા પ્રો. જીગ્નેશ પટેલને તેમણે ચાલુ વર્ષે પ્રાપ્ત કરેલી વિશિષ્ટ સિધ્ધિઓ બદલ શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષોથી કૉલેજના ચોકીદાર તરીકે ફરજ અદા કરનાર શ્રી મનુભાઈ રબારી વયનિવૃતિને કારણે નિવૃત થતા હોઈ કૉલેજ દ્વારા તેમણે સ્મૃતિચિન્હ આપીને સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે વિવિધ ફેકલ્ટીમાં હેમ.ઉ.ગુ.યુનિ.માં પ્રથમ રેન્ક મેળવનાર એન.સી.સી., એન.એસ.એસ., સ્પોર્ટસ તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં વિશિષ્ટ પ્રદાન કરનાર, પીએચ.ડી.માં પ્રવેશ મેળવનાર કૉલેજના તેજસ્વી તારલાઓને શિલ્ડ આપીને સન્માનિત કરાયા હતા.

# પ્રૉજેક્ટ અનિતા : આજકલ પાંવ જમીં પર નહીં પડતે મેરે







### યંગસ્ટર્સની છ મહિનાની અથાગ મહેનત અને વૉટ્સએપના પોઝિટિવ ઉપયોગથી જ્યાં અનિતાનો પગ જમીન પર મૂકવા માટે ડૉક્ટર્સને શંકા હતી ત્યાં આજે એ જ અનિતા ઉછળતા હરણાની માફક જેમ દોડી રહી છે : પ્રૉજેક્ટ અનિતાની સફળ સમાપ્તિની સૅલિબ્રેશન પાર્ટીમાં યુવા હૈયાઓની લાગણીઓ અને આંખો છલકાઈ

'ચાલો સ્માઈલ પ્લીઝ' અને ખટાક સાથે સૅલ્ફી અનિતા જોડે લઈને તરત જ 'પ્રૉજેક્ટ અનિતા' વૉટ્સઍપ ગૃપમાં અપલોડ થાય... આ સૅલ્ફી રોજ સવારે નવના ટકોરે અને સાંજે ૬ વાગ્યે અનિતાને દૂધ-કેળાં ખવડાવ્યા બાદ લેવાય. આવું એક-બે દિવસ નહીં, પૂરા ૧૯૦ દિવસ ચાલ્યું અને એ પણ એકદમ યુવા મિત્રો કે જે આ પ્રૉજેક્ટ પહેલાં બે-ચાર જણને બાદ કરતાં એકબીજાને ઓળખતા પણ નહોતાં.... છે ને વંડરફુલ વૉટ્સઍપની કમાલ ? વૉટ્સઍપ કોઈની જિંદગીમાં આશાની કિરણ લઈને આવે અને એના ઉપયોગથી સામાજિક કાર્યો થઈ શકે એવું આ યુવાન બોય્ઝ અને ગર્લ્સે શીખવ્યું.

હા, તો વાત જાણે એમ છે કે શ્રાવણ મહિનાના પહેલા સોમવારે બે મિત્રો ખીચડી વિતરણ કરવા નીકળ્યા. હૉટલ ફોર્ચ્યુન હવેલીની સામે ખીચડી લેવા લાગેલી લાઈનમાં એક છોકરી લંગડાતા પગે આવી, એ છોકરીના ચહેરામાં કંઈક આકર્ષણ હતું અને આંખોમાં ચમક, ૧૧ વર્ષની એ ગરીબ ઘરની કન્યાને રમત-રમતમાં ખાડામાં પગ પડી જતાં ડાબા પગનું હાડકું બટકાઈ ગયું હતું. કોઈ સેવાભાવી વ્યક્તિએ એની મદદ કરતાં એનું ઑપરેશન થયું અને પગમાં સ્ટીલની પ્લેટ ફિટ કરવામાં આવી. એકવાર ફરી એનો એ જ પગ લપસી પડતાં હાડકું બહારની દુનિયા જોવા આવી ગયું અને સરવાળે એ પગ સડી ગયો... આ રામ કહાણી આ બે મિત્રોએ સાંભળી. ધોરમ-૪માં ભણતી આ અનિતા વાનકોડીયા માટે કંઈક કરી છૂટવાની તમન્ના આ બે મિત્રોમાં જાગી અને પછી મહાદેવનો મનોમન પ્રાર્થના કરી કે અમારે અનિતાને દોડતી કરવી છે અને અનિતાને લઈ ગાંધીનગર સિવિલ પહોંચી ગયા. પગનો સડો ફેલાઈ રહ્યો હતો અને તાત્કાલિક ઑપરેશન કરવું જરૂરી હતું, અન્યથા પગ કાપવો પડે એવી ભયાનક પરિસ્થિતિ... તાત્કાલિક ઑપરેશન થિયેટરમાં લઈ જૂનો સળિયો કાઢવાની શરૂઆત થઈ. ઑપરેશનમાં સહભાગી બે ઈન્ટર્ન્સ ડૉ. વિરલ કાલારિયા અને ડૉ. વિરેન જલાંધરા હતા. એમનો આ યુવાનોની નિઃસ્વાર્થ ધગશ સ્પર્શી ગઈ અને તેઓ પણ તેમની સાથે જોડાઈ ગયા.

પહેલું ઑપરેશન પત્યું, જૂનો સડો-સળિયો કાઢી, સડેલું હાડકું કાપીને પંદર દિવસ સિવિલ હૉસ્પિટલની મહેમાનગતિ આપી અનિતાને ફરી ઑપરેટ કરી ને નવી પ્લેટ ફિટ કરાઈ. સિવિલ હૉસ્પિટલના માયાળુ સ્ટાફ-તજજ્ઞ ડૉક્ટર્સે પ્રૉજેક્ટ ખૂબ સફળ બનાવવા કોઈ કસર છોડી નહીં. એનો પગ એકદમ સીધો કરી દેવામાં આવ્યો અને ત્રણ મહિના માટે સંપૂર્ણ બૅડરેસ્ટ અને સવાર-સાંજ ન્યુટ્રીશન ફૂડ-ફળ-દૂધ આપવાની તાકીદ કરી એને રજા આપી દીધી.

એ બંને મિત્રોએ ફેસબૂક પર એક પોસ્ટ મૂકી કે અનિતા માટે રૂપિયાની જરૂર છે. માત્ર વીસ રૂપિયા... બે જ કલાકમાં ૧૦૭ લોકોએ રૂપિયા પેટીએમથી મોકલી દીધા, ફંડ આવી ગયું - કહો કે છલકાઈ ગયું. એમણે બીજો મૅસેજ વહેતો કહ્યો, 'વૉલન્ટીયર્સની જરૂર છે.' અને ફેસબૂક પરથી બિલકુલ એકબીજાને ન ઓળખતા યુવાન




છોકરા-છોકરીઓ 'પ્રૉજેક્ટ અનિતા' માટે જોડાઈ ગયાં. એક રાત્રે દરેકની ડ્યુટી નિશ્ચિત કરવા 'આઈ કૅમિસ્ટ્રી' આઈસક્રીમ પાર્લર પર મીટિંગ થઈ અને મિત્રોએ મિશન સ્ટાર્ટ કર્યું.

આ અનિતાની બધી વાતોમાં પેલા બે યુવાનોની ઓળખાણ કરાવવાની તો રહી જ ગઈ. એક છે વિરાટ કોહલી એટલે કે વિરાટ જેવો દેખાતો વ્યોમ અમીન, સિવિલ ઍન્જિનીયર અને પીડીપીયુનો માસ્ટર્નો વિદ્યાર્થી અને બીજો થનગનતો યુવાન એટલે મેહુલ ભોજક, જે સેમસંગનો સૅલ્સ ઍક્ઝિક્યુટીવ. આ બંને રામ-લખનની જોડીએ એકદમ માઈક્રો પ્લાનિંગ કર્યું. દરેકની જવાબદારી, શું આપવું, કેટલું આપવું, ક્યારે આપવું, શું ન કરવું... એકદમ મિલિટ્રી જેવી શિસ્ત સાથે. ચાર-પાંચ જણાને સ્પૅરમાં રાખ્યા અને આશ્ચર્ય વચ્ચે બધા જ યુવાન વૉલન્ટિયર્સ બિલકુલ પ્રૉજેક્ટને વળગી રહ્યા.

સિવિલ હૉસ્પિટલમાં સેવાના કામમાં ધૂણી ધખાવીને બેસેલી જુનિયર સિટિઝન કાઉન્સિલે અનિતા માટે બૅડ, ઘોડી અને જ્યારે જરૂર પડે ત્યારે ઍમ્બ્યુલન્સ મોકલીને આ યુવાનોને સજ્જડ મદદ કરી. રોજ સવારે અને સાંજે એક થેલી દૂધ-બે કેળાં સાથે અનિતાની સેવા શરૂ થઈ, ઘણાબધા યુવાનો આ કાર્યને લીધે માયાળુ બન્યા તો ઘણા સમય-શિસ્તમાં આવ્યા... પૂનમ બ્રહ્મભટ્ટ જેવા ડાયેટિશીયન ન્યૂટ્રીશન પાઉડર પણ આપી આવ્યા તો ઘણાએ પિઝા-પાસ્તા-ફણગાવેલા મગ જેવું વૈવિધ્ય પણ પૂરું પાડ્યું. નૂતન વર્ષના દિવસે આ સ્વયંસેવક પૈકી એક પરિવાર તો નવાં કપડાં અને મીઠાઈ સાથે અનિતા સાથે પહોંચી સૅલ્ફી લઈ આવ્યો.

તમને નથી લાગતું કે આપણે આ સેવાભાવી મિત્રોનાં નામ જાણવા જોઈએ ? તો લૉ, વાંચી લૉ... વ્યોમ અમીન, મેહુલ ભોજક, જયેન્દ્રસિંહ સોલંકી, રાજેન્દ્રસિંહ સોલંકી, હરદિપસિંહ જાડેજા, સંજય થોરાત, વૈદેહી દવે, ગાર્ગી ઠક્કર, કવિશા પટેલ, અનુપા પંડ્યા, પંક્તિ પટેલ, ધ્યાન ત્રિવેદી, દિવ્યા પંડ્યા, રોનક શર્મા, કુંજ પટેલ, રાકેશ ચૌહાણ, દિપક આહિર, પાયલ પરમાર, કાજલ વૈષ્ણવ, ડૉ. વિરેન જલાંધ્રા, ડૉ. વિરલ કાલારિયા, મૌસમ યાજ્ઞિક, પ્રતીક જાની, રાજન બારોટ, ઋતા રાવલ અને લતા શુક્લ... હજી આમાં રોનક પટેલ, ધૃવ વોરા કે યાત્રી પટેલ જેવા એકાદ બે વખત આવેલા મિત્રોને યાદ કરીએ તો બીજો ફકરો ઉમેરવો પડે... આ બધા મિત્રોની સેવાને તમે તાળી પાડીને, સલામ કરીને કે એમના પ્રતિ શુભકામનાઓ વ્યક્ત કરીને બિરદાવી શકો છો.

૧૯૦ દિવસ ચાલેલા આ પ્રૉજેક્ટના અંતે જ્યારે અનિતા દોડતી થઈ ત્યારે એની ઝૂંપડીમાં જ બલૂન લગાડી, કેક કાપી આ બધા મિત્રોએ શાનદાર પાર્ટીનું આયોજન કર્યું. દરેકે પોતાની લાગણી અને અનુભવો કહ્યા, મિત્રોના શબ્દો અને આંખો પણ ભીંજાઈ. એક જ મિશન સાથે નીકળેલા યુવાનોએ દુનિયા અને મોબાઈલ ખરાબ નથી, એમાં સારા લોકો છે અને સારાં કાર્યો થાય છે એવો સંદેશ દુનિયાને આપ્યો. ગૃપના જ એક મિત્ર કુંજ પટેલે પોતાની રેસ્ટોરન્ટ પર પિઝા-ભાજીપાંઉ-પુલાવની પાર્ટી આપી તો અન્ય મિત્ર જયેન્દ્રસિંહ સોલંકીએ આઈ કૅમેસ્ટ્રી પર આઈસક્રીમ પાર્ટી... બે યુવાન મિત્રો સ્મિત બક્ષી અને મિત પટેલે શાનદાર ડૉક્યુમૅન્ટરી બનાવી તો આ પ્રૉજેક્ટ દરમિયાન લેવાયેલી સૅલ્ફીનું ફ્રેમિંગ કરી દરેક વૉલન્ટીયરને ભેટ આપવામાં આવી.

લંગડાતી અનિતા દોડતી થઈ અને ૧૯૦ દિવસની સફળ સમાપ્તિ બાદ ખુશીથી ઝુમી ઊઠેલા દોસ્તો પણ ગાઈ રહ્યા હતા કે 'આજકલ પાંવ ઝમીં પર નહીં પડતે મેરે...'

#### ઔર એક વાહ

વ્યોમ અમીન અને મેહુલ ભોજકે ૨૬ જાન્યુઆરીએ વડોદરાથી આવેલા પેશન્ટ ફરદીન માટે બ્લડ એકઠું કરવા મિશન ચલાવ્યું અને આશ્ચર્ય વચ્ચે માત્ર પાંચ જ દિવસમાં ૮૫ બૉટલ્સ બ્લડ એકઠું કરીને સોશિયલ મીડિયાના ફાયદાઓનો વધુ એક સજ્જડ પુરાવો આપ્યો છે. સોશિયલ મીડિયા આપણો સાચો સાથીદાર પણ બની શકે છે !